સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

કનૈયાઓ તમારી કટ્ટર નીતિનું તારણ છે,
ને હાર્દિકો તમારી હતાશા-હારનું કારણ છે,
ભારણ બને છે ખોટું વિના કારણ દેશદ્રોહનું -
વારણ આપખૂદીનું, 'રાજદ્રોહ' મારણ છે...

લાગી છે સ્પર્ધા,
તળિયાં ચાટવાની -
'પ્રભુ' ભક્તોમાં...
(વૈંકયા નું નિવેદન)

'બોલવું નહીં -'
'મન કી વાત' પણ
મારા સિવાય!
(કાર્યકરો પર લગામ)

હાઈકુ

ચિંતન

ખાદન્ન ગચ્છેદવાનં ન હાસ્યેન સંભાષણમ્ ।
શોકં ન કુર્યાન્તિષ્ટસ્ય સ્વકૃતે જ જલ્પયેત ॥

આ સુભાષિતમાં સલાહ આપવામાં આવી છે જેને આજના યુગ રીતભાત (મેનર્સ) કહી શકાય :

'ખાતાં ખાતાં ચાલવું નહીં, હસતાં હસતાં વાત ન કરવી, નાશ પામેલાનો શોક ન કરવો અને ખોટો (કોઈ સાંભળે નહીં છતાં બોલબોલ કરવું) 'બબડવું' - એવો બબડાટ ન કરવો.'

કોઈ પણ ખાવાની વસ્તુ બેસીને, ચાવીને શાંતિથી ખાવી જોઈએ - ઉતાવળથી નહીં - આ આરોગ્યની સારી ટેવ છે.

કોઈ પણ વાત ગમે તેટલી સરળ હોય છતાં તેની રજૂઆત પદ્ધતિસર અને ગંભીર રીતે કરવી.

જે વસ્તુ નાશ પામી છે તેનો શોકમાં હતાશ થઈ બેસી રહેવા કરતાં તેના નવસર્જન ને કામે લાગી જવું.

જો હિંમત-શક્તિ-નિખાલતપણું હોય તો સામેની વ્યક્તિને ખૂલ્લી-સ્પષ્ટ સમજાય એ રીતે ચોખ્ખા શબ્દમાં મનની વાત કહી દેવી જોઈએ. જેથી વાદ-વિવાદથી અંત આવે - બાકી કોઈ ન સમજે ન સાંભળે એવો 'બબડાટ' કરવાનો કોઇ જ અર્થ નથી.

સુવિચાર

- તમારી જીંદગી તમારી ખુદની રીતે વિતાવવા સક્ષમ રહેવું એ જ માત્ર 'સફળતા' - **સ્ટીફન કોવી**
- થઈ જશે માર્ગ ખુલ્લો જરુર આપણો... થોડુંક બીજા માટે ખસી જઈએ - **હરીન્દ્ર દવે**
- આવતીકાલે સૂર્યોદય થવાનો છે એવા વિશ્વાસ ના કારણે જ સૂર્યાસ્ત સમયે કોઈ કલ્પાંત નથી કરતું - **એસ. ભટ્ટાચાર્ય**
- કરૂણા હૃદયની વિશાળતા, ક્ષમા અને સમતોલ મન આ બધા જ ચારિત્ર્યની ઈમારતના પાયા છે - **રજનીશ**
- માનવ જીંદગીનો ફેરો સફળ કરવાનો એક જ રસ્તો છે, તારા અંતરાત્માને ભારમાંથી મુક્ત થવા દે - **પૂજ્ય મોટા**
- દંભ એટલે નકલી સુખ માટે માણસે ચૂકવેલું મોંઘુ દામ!! દંભનો સ્તંભ તોડવાનો જલદી કરો પ્રબંધ - **ગુણવંત શાહ**
- આજનું ઔષધ : છાલ સાથે કાકડી ખાવાથી વાળ પર ચમક આવે છે **(સંકલન : દીપક વી. આસરા)**

બોધકથા

શ્રી મનમોહનસિંહ સારા અર્થશાસ્ત્રી હતા અને શ્રી યશવંતસિંહા પણ સારા અર્થશાસ્ત્રી છે, પણ જેટલી જેવા કદાચ 'હા જી હા' કરનારા નથી. જેટલી એ બજેટમાં કર્મચારીઓ પર નાખેલો કર પાછો લેવો પડ્યો. સોની-જવેલર્સ - વગેરે બંધ રાખી બેઠા છે...

અંગ્રેજ સરકાર વખતે પણ લોકસભામાં સરકારની 'હા જી હા' કરનારા સભ્યોની નિમણૂંક કે પસંદગી થતી - ભારતની પ્રજાનું શોષણ કરવા માટે જ ત્યારે અંગ્રેજો સરકાર કરભાર વાળું બજેટ રજૂ કરતી અને 'ચમચાઓ' ડેસ્ક થપથપાવી પસાર કરતા. પણ, એક સદસ્ય ઉભા થયા અને ભારતના ગરીબોની નાજૂક પરિસ્થિતિ પર આવા કમરતોડ કરવેરા નાખવા હિતાવહ નથી કહી સખત વિરોધ કર્યો.

નાણાપ્રધાને તેમની મજાક ઉડાવી, આ કંઈ અર્થશાસ્ત્રની કૉલેજ નથી - અમારે શાસન ચલાવવાનું છે- સભ્યશ્રી સામો જવાબ આપ્યો તમને અર્થશાસ્ત્રના 'અ'નું પણ જ્ઞાન નથી. સંસદમાં શોપો પડી ગયો.

આવી હિંમત ભરી રજૂઆત કરનાર સાંસદ શ્રીનું નામ હતું તાત્યા સાહેબ કેલકર અને નાણાપ્રધાન હતા જયોર્જ શૂસ્ટર.

તિલક હોળી - આદર્શ સામાજિક સંહિતા

તંત્રીસ્થાનેથી...

આજે પૌરાણિક પરંપરા મુજબ હોળી પ્રગટાવાશે... બદલાતા સમયની સાથે પરિમાણો બદલાયા પરંતુ કથા વસ્તુ આજે પણ અકબંધ છે. કથાના પાત્રો અને પ્રતિકાત્મક દૃશ્યો અલગ અલગ રીતે અભિવ્યક્ત થાય છે. પરંતુ મૂળવાત જે સંદેશા રુપે ઉપસે છે કે અસત્ય સામે સત્યનો વિજય, દુર્ભાવ સામે સદ્‌ભાવનો વિજય અને આસુરી વૃત્તિ સામે દૈવી વૃત્તિનો વિજય.

હોળીના પર્વને બે રીતે અનુભવાય છે. આધ્યાત્મિક રીતે કુવિચારોનો, કુવૃત્તિઓનો અને કુકર્મોનો નાશ કરવા માટેનો દિવસ. અનેક આવરણોની વચ્ચે પણ સત્‌કર્મો અને સદ્‌વિચારોનો વિજય થાય એવા વિશ્વાસનું નિર્માણ એટલે હોળીનું પ્રતિકાત્મક દહન. વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ હોળીનું મહત્ત્વ આપણા સમાજમાં આજે પણ અકબંધ છે. ફાગણ મહિનાના શુક્લ પક્ષના અંતિમ દિવસે હોળી ઉજવાય છે. અર્થાત્ શિયાળાની લગભગ વિદાય અને ઉનાળાનો ઉદય. શિયાળામાં ઠંડીની મોસમમાં કફ-શરદીના સકંજામાંથી સમાજનો મોટોભાગ સપડાય છે અને શરદી-કફને નિયંત્રિત કરવા કે હટાવવા માટે ધાણી-ચણાનો વ્યાપક પ્રયોગ વર્ષોથી હોળીના પર્વ સાથે જોડાયો છે અને આ વૈજ્ઞાનિક સત્ય છે. આમ આધ્યાત્મિક અને પૌરાણિક મહિમા ધરાવતું પર્વ એટલે હોળી.

હોળી પ્રાગટ્યની સાથે નવી ઉષ્મા, નવી ચેતના જનજનમાં પ્રગટતી હોય છે. ભલે સત્યના વિજય સાથે જોડાયેલી આ કથા પુરાણોમાં કોઈ જુદી રીતે આલેખાયેલી હોય. પરંતુ માનસશાસ્ત્રમાં એક નવી ભૂમિકા ફલિત થાય છે. ઠંડીની મોસમની સુસ્તિ ઉડાડવા, ઉમંગની અભિવ્યક્તિ કરવા રંગના માધ્યમથી લાગણીઓને વ્યક્ત કરાય છે. કાળક્રમે પ્રથા અને પરંપરા બદલાતી ગઈ. ગ્રામીણ વિસ્તારોમાં કાદવ કીચડથી રમાતી હોળી આજે શહેરી વિસ્તારોમાં ઈકો ફ્રેન્ડલી હોળી રમવાનો વ્યાપ વિસ્તર્યો છે. ઉમંગની અભિવ્યક્તિ માટે ગુલાલ ઉડાડવાની આદિકાળની પરંપરા જળવાઈ છે અને જાળવવી જોઈએ, પરંતુ એ રંગો પૂરતી જ મર્યાદિત પરંપરા રહેવી જોઈએ. તિલક હોળી એ આદર્શ આચારસહિતા છે. જેમાં આદર અને પ્રેમ અભિવ્યક્ત થાય છે. પાણીનો ઉપયોગ હોળી રમવામાં ન જ થવો જોઈએ. રંગ અને પાણીના મિશ્રણથી પાણીજન્ય રોગોનો ભય પણ વર્તાય છે. સાથેસાથે બદલાતા સમયમાં પાણીને બચાવવાની અનિવાર્યતા સૌએ સમજવી પડશે. જળ એ જ જીવન - સૂત્રમાં શ્રદ્ધા વ્યક્ત કરનાર આપણે નિરર્થક પાણીનો બગાડ અટકાવવો જ જોઈએ.

પર્યાવરણની દૃષ્ટિએ હોળીની પણ પ્રતિકાત્મક જ ઉજવણી કરવી જોઈએ. લાકડા બને ત્યાં સુધી વધુ ન ગોઠવતાં સંસ્કૃતિનો આદર પૂરતું પાંચ-પંદર લાકડા ગોઠવી પ્રતિકાત્મક ભાવ અને દૃશ્ય નિર્માણ કરવું જોઈએ. પર્યાવરણનો પ્રશ્ન સમગ્ર વિશ્વ માટે ચિંતાજનક સ્થિતિમાં છે, એટલે ગ્લોબલ વોર્મિંગની ચર્ચા અને ચિંતા કરતા આપણે ફળિયામાં પ્રતિકાત્મક હોળી પ્રગટાવીને સંસ્કૃતિ અને સમાજને આદર ન આપી શકીએ? તપ, જપ, રંગ અને ઉમંગના પર્વમાં પર્યાવરણની રક્ષા માટે પ્રતિકાત્મક હોળી અને પાણી બચાવવા તિલક હોળી એ જ આપણો ઉજવણીનો અભિગમ હોવો જોઈએ.

માનવની ગરિમાને આકાશનો વાસંતી સહારો

વિચારોના મધુવનમાં
પ્રો. રાકેશ પટેલ

ગુણવંત શાહનું નવીન પુસ્તક હમણા પ્રસિદ્ધ થયું, જેનું શીર્ષક છે 'મહાભારત-માનવ સ્વભાવનું મહાકાવ્ય'. સમય તેની ગતિએ ચાલે છે પણ ગતિ પણ સમય પ્રમાણેની હોવી જોઈએ.

ફુલથી બનતી માળા સમય જતાં તેની મુલાયમ નજાકતતા ગુમાવતી જાય છે. માળાને કોઈએ દયા બતાવતાં પૂછ્યું કે બેહેન : 'તારી નજાકતતા ઘટતી જાય છે. તું શા માટે આ ઉપાધીમાં પડી ' તે કહે : 'મારા ખેતરનાં ફૂલો કહેતા'તા કે આપણે જો બીજો દેશ જોવો હોય, માલ્હવું હોય તો ચુંટાઈને બીજે જવું જરૂર છે. પછી તો મજા જ મજા' !

યુવાન હૈયામાં લહેરાય છે પેલા વાસંતી પવનો સાથે ક્યાંક ઉડવાનો ખયાલ. ઉડવું છે પણ સાથી સાથે અને પછી દિશા જે હોય તે ચાલે ! પ્રવાસની સાચી મજા ક્યાં જવું છે તેના કરતા કોની સાથે જઈએ છીએ તેનાં ઉપર વધારે અવલંબે છે. આવું વિચારે તે યુવાહૈયુ અને ન વિચારે તે વ્યાવહારીકતાની પૂંછડી. યુવા હૈયાની ધડકન ગાય છે ... 'યે દોલત ભી લેલો, યે શોહરત ભી લેલો, મગર મુઝકો લૌટાદો વો કાગજ કી કશ્તી વો બારીશકા પાની.

જે અને તે મેળવી લેવાની કલા એ ખરેખર તો ભૂખનો એક પ્રકાર છે. આપણામાં કશુંક એવું છે જે પેલા અનંતની સફર કરવાની તાલાવેલી લઈને આવે છે. નથ્થુશેઠને આમ તો મજા અને સુખની કોઈ ખોટ નથી. છોકરા સારા છે , કરોડનું ઘર છે , બાગ-બગીચા છે, નોકર ચાકર છે. પહેલાં વિસ્તારમાં એમનો એકલાનો બંગલો હતો અને આજે આસપાસ બંગલાઓની લાંબી હરોળમાં તેમનો બંગલો આવી જતાં તેમને પહેલા જેવો આનંદ નથી. માણસ અંદરથી બીજાને જોઈને ચાલવાની વૃત્તિ રાખે તો પછી આનંદ સદાકાળ એક વહેંત છેટું જ રહેશે.

પ્લેટોએ કહ્યું કે 'લેટર્સ આર ડેડ' અર્થાત્ શબ્દો છલના ઉભી કરનારા છે. માનવીની પહેલી મૂડી તો વિચાર પ્રક્રિયા છે. વિચારની દુનિયાની અવગણના કરવી એ આત્મહત્યા કરવા જેવો ગુનો બને છે. જે મા-બાપ પુત્રને કશું ક જુદું વિચારવાની છૂટ નથી આપતા તે પુત્રની પ્રગતિને માર્કશીટ સુધી જ સીમિત રાખનાર ગણાય.

એકવાર સ્વતંત્રતા રીતે વિચારવાની ટેવ પડે પછી જિંદગીભરની શાંતિ. પછી વિચાર અગ્રજ બની માર્ગદર્શન આપતો રહે. વિચાર પછી જ આયોજનની મુસાફરી શરૂ થાય છે, અંતે શરૂ થાય છે કાર્યની ખેતી જેમાંથી મળે છે ફૂલગુલાબી સંપત્તિ.

માણસ સમક્ષ અનેક દુશ્મનોની ટોળીઓ ફર્યા કરે છે. જેમાં જાનલેવા બિમારીઓ, મૃત્યુને યાદ કરાવતો ભૂખમરો અને વાર્તાઓના રાક્ષસ કરતા ભયંકર ભ્રષ્ટાચાર મુખ્ય છે. પણ આ બધાનો જનક તો માણસ જ છે. એથી કહેવાય તો એમ કે માણસ જ માણસનો દુશ્મન છે. માણસને કાબુમાં લેવાની એક જ દવા છે અને તે છે પ્રેમની, સ્નેહની અને માનવતાનાં મિશ્રણવાળું દ્રાવણ.

'હું મોટો' આ રોગ રામાયણ અને મહાભારત ઉભા કરનારો છે. ' તું મોટો' આ સુખી થવાનો રસ્તો છે. કોઈ પણ કાર્ય કે પ્રવૃત્તિની સફળતાનો આધાર તે અંગેના ગંભીર વિચાર ઉપર આધારિત છે. તે માટે ચાર પ્રકારનું ચિંતન જરૂરી છે. ૧. સર્જનાત્મક ચિંતન ૨. હેતુલક્ષી ચિંતન ૩. તર્કબદ્ધ ચિંતન ૪. પરિણામ લક્ષી ચિંતન.

આજના વિદ્યાલયોમાં જો ફેરફાર કરવાની છુટ મળે તો એક કામ જરૂર કરું. બધા જ બાળકોને અઠવાડિયામાં એક દિવસ ખેતરોમાં લઈ જઈને કુદરતનાં વિવિધ સ્વરૂપોની ઝાંખી કરાવું.જો આપણે કુદરતનાં અંશ છીએ તો કુદરતથી વિમુખ કેવી રીતે થઈ શકીએ.

અંગ્રેજીમાં કહેવાય છે કે 'કાઈંગ બર્થ, સ્માઈલીંગ લાઈફ, ડાન્સીગ ડેથ' કહેવાય છે. જન્મ ભલે રુદન લઈને આવતું , પણ જીવનયાત્રા તો પ્રસન્નતાથી ચાલે અને મૃત્યુને એની નૃત્યમય કલા કરવાની છૂટ હોય તેમાં જ તેની મહાનતા. રામાયણ માણસને શું કરવું એ શીખવે છે અને મહાભારત માણસને શું ન કરવું એ શીખવે છે, રામાયણ માણસને જીવતા શીખવે છે અને ભાગવાત માણસને મરતાં શીખવે છે. વિદ્યાનો ચોથો ભાગ જ આચાર્ય તરફથી મળે છે, બીજો ચોથો ભાગ સહાધ્યાયીઓ સાથે વિચારવિમર્શ કરવાથી, ત્રીજો અંશ ભણવાની મેધા કે બુદ્ધિથી અને ચોથો અંશ સમય જતાં અનુભવની પરિપકવતા સાથે પ્રાપ્ત થાય છે.

હોળીની રજાઓમાં પ્રાપ્તિ જયારે તેના ઘરે ગઈ ત્યારે જોયું તો મમ્મીની તબિયત હવે પહેલાં જેવી ન હતી

નવાં કલેવર
નટવર હેડાઉ

વર્કીંગ વુમનની હોસ્ટેલના એક ઓરડામાં સુતેલી પ્રાપ્તિ એ બીજીવાર એલાર્મ ટોન સાંભળી મોબાઈલ શોધીને ઉઠાવ્યો અને સમય જોઈ ઑફ કરી દીધો. બે વર્ષ પહેલા આજ ના જ દિવસે તેણે કોર્ટમાં જઈ પ્રજ્ઞેસ સાથે લગ્ન કરી લીધા હતા. તે પછી બંનેએ એવો નિર્ણય લીધેલો કે લગ્ન કરી પ્રજ્ઞેશ ચુપચાપ તેના ઘરે જતો રહેશે અને પોતે હોસ્ટેલમાં. પ્રજ્ઞેશે ત્યારે તેને કહેલું કે બહુ જલ્દી મોકો જઈને તે તેના પપ્પાને વાત કરશે. અને તેમને મનાવી લેશે. તે પછી રીસેપ્શન જેવું ગોઠવી બધાંને જણાવી દેશે. પ્રાપ્તિ એ તે દિવસે પ્રજ્ઞેશે આપેલ ગુલાબી સાડી પહેલી હતી. જેમાં તે ખુદ તાજાં ખેલીલા ગુલાબ જેવી લાગતી હતી. તે દિવસે જ તેણે સુરત તેની મમ્મીને ફોન કરીને આ બાબતે જાણ કરી દીધી હતી.

માત્ર થોડા દિવસ જોવાનું કહેનાર પ્રજ્ઞેશ બે વર્ષ વીતી ગયા છતાં તેના પિતા દ્વારા પ્રાપ્તિ ના સ્વીકાર માટે તેમને સહમત કરી શક્યો ન હતો. તેમાં પણ હવે તો પ્રાપ્તિ વારંવાર આગ્રહ કરે ત્યારે ચીંડાઈ જવા લાગ્યો હતો.

'હું પોતે ટેન્શનમાં છું ત્યાં તું મને હેરાન શું કામ કરે છે. એક તરફ પપ્પા કંઈ સાંભળવા કે માનવા તૈયાર નથી. પ્લીઝ મને થોડો સમય આપ બધું બરાબર થઈ જશે.' પ્રજ્ઞેશ તેને કહેતો.

આ વખતે હોળીની રજાઓમાં પ્રાપ્તિ જયારે તેના ઘરે ગઈ ત્યારે જોયું તો મમ્મીની તબિયત હવે પહેલાં જેવી ન હતી. તેને ડાયાબિટીસની તકલીફ થઈ ગઈ હતી. મમ્મીએ પ્રાપ્તિને સ્પષ્ટ કહી દીધું કે 'કેટલા સમયથી હું તારી થોડા દિવસ... થોડા દિવસની વાતનું રટણ સાંભળી બેસી રહીં છું. હવે બે મહિનામાં તું મને આ પાર કે પેલે પાર નિર્ણય કરીને કહી દે. પ્રાપ્તિ ને નિરુત્તર ચુપ બેઠેલી જોઈ તેને સમજાવતાં તેમણે કહ્યું.

'જો તારો કોઈ ભાઈ તો છે નહીં જેની અમને આશા હોય. અમારે તમારી નાની બે બહેનોનાં લગ્ન પણ કરવાનાં છે. વચેટ માટે સારા ઘરમાં માંઘા આવવા લાગ્યા છે હવે તું જ કહે તારા પહેલાં એના લગ્ન કરીએ તો એ કંઈ સારું લાગે? પ્રાપ્તિ એ આ વાત અમદાવાદ આવી પ્રજ્ઞેશને કહી.'

આ બધું વિચારતા વિચારતા પ્રાપ્તિ ઉઠીને બેસી ગઈ. જુલાઈ મહિનો ચાલી રહ્યો હતો. છેલ્લા ત્રણ ચાર દિવસથી સતત વરસાદી વાતાવરણમાં હવાના ભેજના કારણે અલગ પ્રકારની ગંધ છવાઈ ગઈ હતી. આકાશમાં ઘનઘોર વાદળો છવાયેલા હતા. તેણે મોબાઈલમાં ફેસબુકની પોસ્ટ અને વ્હોટસએપના મેસેજ જોવા માંડ્યા. ચેટીંગમાં તેને જરા મજા પડી રહી હતી. ત્યાં તો ટૂ...ટૂ... થતાં જોયું તો મોબાઈલને ચાર્જમા મુક્યો. ત્યાં તો લાઈટ જતી રહી. વરદાનરુપ લાગતી આધુનિક સુવિધા અત્યારે તેને અભિશાપરુપ લાગી. ત્યાં લાઈટ આવી જતાં તેને જરા હાશ થઈ.

મમ્મીના આગ્રહને કારણે મામા-મામી અહીં આવેલા અને પ્રજ્ઞેશના બાપુજીને મળેલ. તેમને એ જીદ્દી ને અહંકારી લાગ્યા. પ્રજ્ઞેશની મમ્મી તો એ જયારે અઢાર વર્ષનો થયો ત્યારે જ મૃત્યુ પામ્યાં હતા. પ્રજ્ઞેશના પિતાને ન તો દીકરાના સુખની કંઈ પડેલી હતી કે ન તો આ પ્રકરણ અંગે કોઈ વાતની ચિંતા. તેમણે પ્રાપ્તિના મામા મામીને ચોખ્ખે ચોખ્ખું પરખાવી દીધું.

'હું આવા કોઈ લગ્નનાં માનતો નથી.'

મામા મામીએ ત્યારે તેમને સમજાવવાની ઘણી કોશિશ કરી. અને કહ્યું કે, 'આ તો કાયદેસર સરકારી નિયમો મુજબનાં લગ્ન છે. તમે તેને કઈ રીતે નકારી શકો. તે બંને સમજદાર છે. એક બીજાને ચાહે છે. તેથી તમે રાજીખુશીથી એ સ્વીકારી લો. પરંતુ એ ન માન્યા. તે પછી તેઓ પ્રજ્ઞેશના મોટાભાઈને પણ મળવા ગયો. તેણે વાતો બહુ સારી સીતે કરી પણ પિતા કે નાના ભાઈ પર દબાણ લાવવાની બાબતમાં મૌન સેવી લીધું. ત્યાંથી પાછા આવ્યા બાદ પ્રાપ્તિ ના મામી તેને સમજાવતા લાગી.' 'તારામાં શું ખામી છે. તું ગોરી લાંબી અને દેખાવમાં સુંદર છે. સારું કમાય છે. ભુલી જા પ્રજ્ઞેશને અને કોઈ બીજા છોકરા સાથે લગ્નનો વિચાર કર.'

આ સાંભળી તે મામીને સામે મૌન રહી ગઈ પણ મનમાં હસવું આવી ગયું. તેને પ્રજ્ઞેશ સાથે જીવન વિતાવવાનાં સપનાં જોવાની આદત પડી ગઈ છે. તેના માટે બધું વાળીઝુડીને નવેસરથી સંબંધ બાંધવાનું સરળ નથી. તે અન્ય કોઈ છોકરા સાથે લગ્ન કરી એકવાર કદાચ દગો કરવાનું વિચારો તો પણ પોતાની જાતને દગો કઇ રીતે દે? તો વળી એ વાતની શું ગેરન્ટી છે કે પેલો બીજો પુરુષ તેના આ સંબંધ બાબતે જરા સરખો પણ અણસાર આવી જતાં તેના પવિત્રતા અંગે જરા પણ શંકા નહીં કરે. અને તેના પ્રત્યે પહેલાં જેવો જ વ્યવહાર રાખી તેને માન આપશે. આ વાતે તેનું હૃદય ખુબ ગભરાય છે. કયારેક કયારેક તેને પ્રજ્ઞેશ પર પણ સંદેહ થવા લાગે છે. તે રાજીખુશીથી તેને સાથ આપશે કે પછી કોર્ટનો સહારો લેવો પડશે. તેનું તો જાણે કે મગજ બહેર મારી ગયું છે. તે કોઈ નિર્ણય કરી શકતી નથી. તેને એમ લાગે છે કે તેની જિંદગી ભુલભુલામણી સમી બની ગઈ છે. તેમાંથી નીકળવાનો કયો રસ્તો સાચો છે તેની જ ખબર નથી પડતી. તેને કયાં સુધી પ્રજ્ઞેશના પિતાની મંજુરીની રાહ જોવી પડશે એ ખબર નથી.

ઘડિયાળના કાંટાને આગળ વધતા જોઈ ને ઉઠી અને સ્ફૂર્તિથી તૈયાર થવા લાગી. જો તેને નવ વાગ્યાની બસ પકડવી હોય તો પોણા નવે અહીંથી નીકળવું પડે. ન્હાઈ ધોઈને ચ્હાની સાથે બ્રેડ બટર જેમ તેમ ગળેથી ઉતારી રુમની બહાર નીકળવા જતી હતી. ત્યાં તો મોબીલની રીંગટોન વાગી. ચાર્જરમાંથી ફોન કાઢી નંબર જોયો તો ઘરનો ફોન હતો. તેને તેની નાની બહેને ગભરાયેલા અવાજે કહ્યું કે પપ્પાની તબિયત આજ અચાનક બગડી છે. સવારે ચ્હા પીતી વખતે તેમને છાતીમાં દુઃખાવો થયો. એટલે અમે તેમને હોસ્પિટલે લાવ્યા. પ્રાપ્તિ આ સાંભળી સ્તબ્ધ રહી ગઈ. તેને ઇચ્છા થઈ કે તાત્કાલિક સુરત જઈ તેની માં અને બહેનને મળે. પપ્પાનો ચહેરો વારંવાર તેને પોતાની આંખ સામે તરવરી રહ્યો. તે પોતાની જાતને ધિક્કારવા લાગી કે આ બધી મુશ્કેલીનું કારણ પોતે જ છે. તેને ફોન કરીને પ્રજ્ઞેશને જણાવી દીધું કે આજ સાંજે તે તેને મળી નહીં શકે. પ્રજ્ઞેશે તેનો રુદન ભર્યો સ્વર સાંભળીને કહ્યું, 'તું ગભરાઈશ નહીં, ત્યાં રહે. હું હમણાં જ તારી પાસે આવું છું. પ્રજ્ઞેશ આવ્યો. તેણે પ્રાપ્તિનો ફીકો ઉદાસ ચહેરો જોતાં દુઃખી થઈ ગયો. તેને લાગ્યું કે તેનું હૃદય કયાંક ઘવાયું છે. તેણે તુરંત નિર્ણય લીધો કે તે તેને એકલી નહીં છોડે. તેની સાથે સુરત જશે. તે પછી પ્રજ્ઞેશે ટીકીટની કઈ રીતે વ્યવસ્થા કરી તેની ઓફિસે કયારે જાણ કરી, કયારે એટીએમથી પૈસા ઉપાડ્યા. તેની કંઈ ખબર નથી. તે બસ યંત્રવત પ્રજ્ઞેશની સામે ચાલતી હતી. વચ્ચે વચ્ચે મગજમાં એ વિચાર આવી જતો કે તેનાં ઘરમાં પ્રજ્ઞેશ આ રીતે સાથે આવ્યો છે તેને કયા રુપે લેશે.'

સ્ટેશન પર પ્રાપ્તિનો મામાનો દીકરો તેમને લેવા આવ્યો હતો. જે તેમણે સ્ટેશનથી સીધો હોસ્પિટલે લઈ ગયો. પ્રાપ્તિના પિતાની તબિયતમાં થોડો સુધારો હતો. કોઈના આવવાનો અવાજ સાંભળી તેમણે આંખો ખોલી પ્રાપ્તિ અને પ્રજ્ઞેશને જોયો. પ્રજ્ઞેશે આગળ વધી ચરણ સ્પર્શ કરતાં તેમણે પોતાના ધ્રુજતો હાથ જરા ઊંચો કરી આશીર્વાદ આપ્યા. પ્રાપ્તિને લાગ્યું કે જાણે આકાશમાંથી કાળાં ઘનઘોર ચિંતાના વાદળો વિખરાઈ રહ્યા છે અને તેના વચ્ચેથી આશીષ અને ખુશીનાં સોનેરી કિરણો તે બંને પર પ્રસરી રહ્યા છે.

વિચારોનું વાવાઝોડું...!! મારાં મનનાં આવા ખરાબ વિચારો આવી જ કેમ શકે..!!

Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

ઠેસ મારી વિચાર ચાલે છે, હિંચકો ના લગાર ચાલે છે,
દોસ્ત, સંવાદ કયાંક અટક્યો છે, સ્ટેજ પર અંધકાર ચાલે છે!
- હરદ્વાર ગોસ્વામી

આજે સવારથી જ શ્રદ્ધાનો મૂડ જોરદાર હતો. અને એનાં મનગમતાં વિષય પર નેશનલ કોન્ફરન્સમાં બોલવાનો ચાન્સ મળ્યો હતો. એટલે સાચ્ચે તો એની ફ્રેન્ડ શિવાંગી જ આ ટૉપિક પર બોલવાની હતી. પણ એને ગળામાં ઈન્ફેકશન થયું અને એટલે છેલ્લી ઘડીએ આ ચાન્સ કહો કે જવાબદારી શ્રદ્ધાને મળી...

શ્રદ્ધાને આમ પણ આ વિષય અને વિચાર જાણકારો અને નિષ્ણાંતો સામે મુકવાની ઘણાં દિવસથી ઈચ્છા હતી અને એટલે એણે જબરદસ્ત તૈયારી કરી હતી. સ્ટેજ પર જવા માટે હવે માત્ર દસ મિનિટની જ વાર હતી...

અને શ્રદ્ધાની છાતી જોરથી ધડકવા લાગી, ગળું કોરું પડવા લાગ્યું, હાથપગના તળીયે પરસેવો બાઝવા લાગ્યો, સ્ટેજ પર ગયા બાદ કશું યાદ આવશે કે નહીં? એની શંકાના વાદળ એના મનમાં ઘેરાવા લાગ્યા. પોતાને કશું યાદ આવતું નથી અને મોઢે તાળાં લાગ્યાં જેવું થવાથી હૉલમાં બેઠેલા લોકો હસી રહ્યાં છે, એ સાચે જ હવે ખૂબ ડિસ્ટર્બ થઈ હતી. આ આખો સીન એની નજર સામે જ ફરતા એને એક લખલખુ આવી ગયું, બધું પડતું મુકીને ભાગી જવું, એવું પણ એને લાગતું હતું, અને આ વિચારોથી એ અચાનક ખુરસીમાં ફસડાઈ પડી...

એણે પર્સમાંથી પાણીની બોટલ કાઢી બે ઘૂંટડા પાણી પીધું અને વિચારોને ખંખેરવાનો પ્રયત્નો કરવા લાગી. એટલામાં એને એક આઈડિયા આવ્યો. યોગના કલાસમાં શિખવાડે છે એમ એણે બે દીર્ઘશ્વાસ લીધાં અને છોડ્યાં, એણે શ્વાસ તરફ લક્ષ કેન્દ્રીત કર્યું, વધેલી શ્વાસની ગતિ કાબુમાં આવતી જણાઈ... એણે મનોમન નક્કી કર્યું જો આવું સ્ટેજ પર થશે તો એ આવું જ કરશે, બે ઘૂંટડા પાણી પીને અને શ્વાસ કાબુ કરી પ્રેક્ષકો પર નજર ફેરવશે અને ચોક્કસ આત્મવિશ્વાસ પાછો આવશે...

એને ખાત્રી હતી કે વિષયનો અભ્યાસ પુષ્કળ કર્યો છે, ડિટેઈલ તૈયારી છે. એનું પ્રેઝેન્ટેશન સરસ જ થશે, લોકોને ગમશે, એવા પોઝીટીવ વિચારો ફરતાં થયાં એનામાં એનર્જી લેવલ વધી ગયું... અને એના નામની જાહેરાત થઈ, શ્રદ્ધા વાળા કમ ઑન ધ સ્ટેજ...

શ્રદ્ધા, ભગવાન પર શ્રદ્ધા રાખી, શ્રદ્ધાપૂર્વક સ્ટેજનાં પગથિયાં ચડી માઈક સામે ગોઠવાઈ ગઈ...

આંખ સામે જ આપ છો,
તો યો આપનો ઈન્તઝાર ચાલે છે,
કોઈની સાથ ના બને હમણાં,
કોઈની સાથ પ્યાર ચાલે છે!

શ્રદ્ધાનું વકતવ્ય પ્રત્યું અને જોરદાર તાળીઓના ગડગળાટ થયો. આ બધી તાળીઓ ફક્ત શ્રદ્ધા માટે જ હતી. શ્રદ્ધાની આંખમાં આંસુ ભરાઈ આવ્યા. પ્રેક્ષકોનું અભિવાદ ઝીલતાં એ પોતાની જગ્યાએ પાછી ફરી, તોય તાળીઓ પડતી જ રહી...

શ્રદ્ધાના મનમાં આવ્યું, 'સારું થયું શિવાંગી બિમાર પડી. નહીં તો મને આવો ચાન્સ કયારે મળ્યો હોત? આ બધી તાળીઓ એના માનમાં વાગી હોત... અને હું પણ એના માટે જ તાળીઓ વગાડતી હોત. પ્રેક્ષકોમાંથી એક પ્રેક્ષક બનીને!!' શ્રદ્ધા એકદમ ચમકી ગઈ એને આવી રહેલાં વિચારો પરથી... 'મારા મનમાં આવા વિચાર આવ્યાં જ કેવી રીતે? શિવાંગી, મારી પાક્કી ફ્રેન્ડ્. બહેન કરતાંય વધારે, એકબીજાના સુખદુઃખમાં દોડી જતી અને એકદમ ખાનગી વાતો પણ કરી શકાય એવી બહેનપણી, એકબીજાની સક્સેસથી ખુશ થતી અમે કયારેય કોઈ ઈર્ષા ભાવ નહીં, એટલી અમારી ખ્યોર મૈત્રી. લોકો અમારી દોસ્તીની ઈર્ષા કરે એવી અમારી દોસ્તી...'

અને મારા મનમાં આવાં ખરાબ વિચાર? શું હું એટલી ખરાબ છું? જેલસી છું? જેવાં વિચાર શ્રદ્ધાના મનમાં વાવાઝોડું હની ફુંકાવા લાગ્યા. એ પોતાની જાતને દોષી માનવા લાગી. એનાં મનમાં આ અપરાધ ભાવ ઘણાં દિવસો સુધી રહ્યો. એણે નક્કી કર્યું કે હવે આનો કંઈ રસ્તો કરવો જ પડશે.

... અને એણે એ વાત શિવાંગીને કહી દીધી. એ સાંભળીને શિવાંગી ખડખડાટ હસવા લાગી. એને બાથમાં લીધી અને પ્રેમથી માથા પરથી હાથ ફેરવીને બોલી, 'થાય આવું, ચિંતા નહીં કરવાની, આપણેય માણસો જ છીએ, અને એમાંય સ્ત્રી, એટલે લાગણીથી છલોછલ. એટલે કયારેક સારાં તો કયારેક ખરાબ વિચાર ઘુસી જાય.'

શિવાંગીના હૂંફ આપતા શબ્દોથી શ્રદ્ધાના મનનો ભાર હળવો થઈ ગયો. શ્રદ્ધાને ખબર હતી કે શિવાંગી પેપર પ્રેઝેન્ટેશનમાં માસ્ટર છે, હોંશિયાર પણ છે. એ કંઈ એના જેટલી હોંશિયાર કે ડેશિંગ નથી, એના જેટલી એનામાં ક્ષમતાય નથી. હા વિષયનો અભ્યાસ સારો હતો, સ્ટેજ ફિયર નહોતો અને આત્મવિશ્વાસ જરુર હતો... પણ જયારે તાળીઓ વાગી ત્યારે મનમાં આવ્યું કે શિવાંગી નહોતી એટલે આ તાળીઓ એને મળી, અને એ વિચારમાં એણે પોતાની જાતને થોડી ઓછી આંકી, એના માટે ઈર્ષા કરી...

કયારેક બહુ સારા માણસના મનમાંય મહાભયંકર વિચાર આવતાં હોય છે. ડૉકટરેટ કરેલો મા